# ...તો વાયબ્રન્ટ સમિટનો ઘેરાવ કરીશું

**મંજુરી વગર જ મુખ્યમંત્રી નિવાસસ્થાનથી થોડે જ દુર ઉગ્ર મહાસંમેલન યોજીને કર્મચારીઓએ મુખ્યમંત્રીના નામના છાજીયા લીધા : પ્રવિણ રામ, અલ્પેશ ઠાકોર અને જીજ્ઞેશ મેવાણીએ પોતાના ભાષણમાં સરકારને આડે હાથ લીધી : ૮ જાન્યુઆરી સુધીમાં નિર્ણય નહીં લેવાય તો વાયબ્રન્ટનો વિરોધ કરવાની ચમકી**






ગાંધીનગર, તા. ૧ ફિક્સ પગારમાં નોકરી કરતા ગુજરાતનાં કર્મચારીઓમાં રોષની જ્વાળા ફાટી ગઈ જ્યારે રાજ્યના મુખ્યમંત્રીએ મદદરૂપ થવાને બદલે કહી દીધું કે 'ફીક્સ પગારદારોને પેટમાં શું દુ:ખે છે ?' ફીક્સ કર્મચારીઓએ તેમના પેટમાં શું દુ:ખતું હતું તે આજે પાટનગરમાં આવીને તંત્રની મંજુરી વગર મુખ્યમંત્રી નિવાસસ્થાનથી નજીકમાં જ ઉગ્ર મહાસંમેલન યોજીને સરકારને બતાવી દીધું છે. સરકારના નામનાં છાજીયા લઈને સરકાર વિરોધી નારા લગાવી યુવા નેતાઓ પ્રવિણ રામ, જીજ્ઞેશ મેવાણી અને અલ્પેશ ઠાકોરે સરકારને નમાલી કહીને પોતાના ભાષણમાં સરકારને આડે હાથ લીધી હતી. ૮ જાન્યુઆરી સુધીમાં નિર્ણય લઈ લેવા અલ્ટીમેટમ આપીને વાયબ્રન્ટનાં વિરોધની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

જન અધિકાર મંચ દ્વારા આજે ૧લી જાન્યુઆરીએ ફીક્સ પગાર, કોન્ટ્રાક્ટ પદ્ધતિ, બેરોજગારી સહિતના પ્રશ્નોને લઈને જનઆક્રોશ મહાસંમેલનની જાહેરાત કરી હતી. આ આંદોલનમાં ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોર, આંગણવાડી - આશા બહેનો, દલીત અધિકાર મંચના જીજ્ઞેશ મેવાણી તથા પાટીદાર અનામત આંદોલન સમિતિનાં વરૂણ પટેલે પણ ટેકો આપી પોતાની હાજરી આપી હતી. સવારથી સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણીએ આવતા કર્મચારીઓ તથા આંદોલનકારીઓને પોલીસે યુક્તિપૂર્વક ડિટેઈન કરવાની કામગીરી શરૂ કરી દઈ ૭૦૦ની અટકાયત કરી લીધી હતી. પોલીસની આ નીતિને પગલે ત્વરીત આંદોલનના કાર્યક્રમ સ્થળમાં ફેરફાર કરી પોલીસને ચકમો આપી અક્ષરધામ સામે પાર્કીંગમાં સૌ ભેગા થવા લાગ્યા. પોલીસ ઉંઘતી રહી અને મુખ્યમંત્રી નિવાસસ્થાનથી ૧ હજાર મીટર દુર આ સ્થળે હજારોની સંખ્યામાં આંદોલનકારીઓ ભેગા થઈ જતા પોલીસ અને સરકાર બંને શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. અચાનક પોલીસને મેસેજ મળતા તાત્કાલીક કંટ્રોલ મેસેજ પાસ કરી પોલીસ અને એસ.આર.પી.નો કાફલો ખડકી દેવામાં આવ્યો ને સીસીટીવી કેમેરા વાન, બેરીકેટીંગ, વરુણ વોટર કેનન અને ટીયરગેસ ગન સાથે પોલીસ સ્થળ પર સંપૂર્ણ તૈયારી સાથે પહોંચી ગઈ હતી. તબક્કાવાર યુવા નેતાઓએ ભાષણ ચાલુ કર્યા અને સરકારના નામના છાજીયા લઈ સરકારની આ નીતિની આકરી ટીકા કરી તેમને પેટમાં શું દુ:ખે છે તે બતાવી દીધું હતું. પાણી વગરના રૂપાણીને પાણી દેખાડવા આવ્યા છીએ કહીને પ્રવિણ રામે સરકારની ઝાટકણી કાઢી હતી. પોલીસ કાફલાની સાથે એસ.પી. અને આ.જી.પી. પણ સ્થળ પર આવી ગયા હરતા અને સમજાવટના પ્રયાસો કરવામાં આવ્યા હતાં. અમારે પાંચ કલાક સુધી વિરોધ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કર્યા બાદ આર.ડી.સી.એ સ્થળ પર આવીને આવેદનપત્ર સ્વિકારતા મામલો શાંત પડ્યો હતો. હવે જન અધિકાર મંચે સરકારને અલ્ટીમેટમ આપ્યું છે કે જો ૮ જાન્યુઆરી સુધીમાં ફીક્સ પેનો નિર્ણય નહીં લેવાય તો વાયબ્રન્ટ સમિટનો ઘેરાવો કરીને વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

## ફીક્સ કર્મચારીઓએ 'પેટમાં શું દુ:ખતું હતું' તે બતાવી દીધું : પાણી વગરનાં રૂપાણીને પાણી દેખાડવા આવ્યા છીએ : પ્રવિણ રામ

## ભૂખ્યા - તરસ્યા ચાર - ચાર બંદોબસ્ત પોલીસે સંભાળ્યા

રવિવારે સવારથી જિલ્લામાં ચાર - ચાર મોટા કાર્યક્રમો હતાં. કલોલમાં મુખ્યમંત્રીનો કાર્યક્રમ હતો તે ઉપરાંત કોબા કમલમ્‌માં સરપંચ સંમેલન હતું. તેમાં પણ મુખ્યમંત્રી તથા અમિત શાહ આવવાના હોવાથી ત્યાં પણ પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. તે ઉપરાંત



પી.એસ.આઈ.ની પરીક્ષાને પગલે વિવિધ સેન્ટરો ઉપર બંદોબસ્ત મુકાયો હતો અને જન આક્રોશ મહાસંમેલનનો બંદોબસ્ત હતો. ગઈ રાત્રે થર્ટી ફર્સ્ટમાં દારૂડીયા શોધવા સઘન પેટ્રોલીંગ અને ચેકીંગ કરવામાં આવ્યું અને સવારથી ભૂખ્યા અને તરસ્યા તબક્કાવાર આ ચાર કાર્યક્રમોનો બંદોબસ્ત સભાળવામાં આવ્યો હતો. મહાસંમેલન સાંજે સાડા પાંચ વાગ્યા સુધી ચાલતા પોલીસે છ વાગ્યા પછી પેટપૂજા કરીને રાહતનો દમ લીધો હતો.

## આંદોલનકારીઓ કમલમ્ પહોંચી જતા પોલીસ દોડતી થઈ

ફીક્સ પગારની નીતિનો વિરોધ કરવા આવેલા કર્મચારીઓ તથા આશા વર્કરો અને આંગણવાડીની બહેનો પૈકી સવારે કેટલાક આંદોલનકારીઓ કોબા ખાતે ભાજપના કાર્યાલય કમલમ્ પાસે પહોંચી જતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસો ત્યાં જઈને સીએમ કલમલમ્ આવે તે પહેલાં તમામને ડીટેઈન કરી પોલીસ હેડ ક્વાર્ટર મોકલી દીધા હતાં. તે ઉપરાંત ચિલોડા સર્કલથી અને સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી પાસેથી પણ આંદોલનકારીઓને ડીટેઈન કરી દેવાયા હતાં. પોલીસે આંદોલનકારીઓને તેમની જ ગાડીમાં એક જવાનને બેસાડી દઈ બીજા સ્થળે કાર્યક્રમ છે તેવું કહીને ચકમો આપી ડીટેઈન કરી લીધા હતા. ૯૦થી વધુ વાહનોમાં ૭૦૦ જેટલા આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવી હતી તેમ છતાં પોલીસને ચકમો આપીને કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.



## વાયબ્રન્ટમાં ૪૫-૪૫ હજાર કરોડના એમ.ઓ.યુ. થાય છે, તો કર્મચારીને ૪૫ હજાર આપવામાં શું જાય છે ?



જન અધિકાર મંચ દ્વારા આયોજિત જન આક્રોશ મહાસંમેલનને જીજ્ઞેશ મેવાણીએ પણ સમર્થન આપ્યું હતું અને જીજ્ઞેશ મેવાણી આંદોલન સ્થળે આવ્યા હતા. પોતાના ભાષણમાં સરકારની આકરી ટીકા કર્યા બાદ સરકારને નમાલી કહીને વાયબ્રન્ટમાં ૪૫-૪૫ હજાર કરોડના એમઓયુ થાય છે તો કર્મચારીઓને માત્ર ૪૫ હજાર રૂપિયા આપવામાં સરકારને શું જાય છે ? તેવો કટાક્ષ કરી સરકારની આ નીતિની ટીકા કરી હતી.

# ઈલેક્શન મોડ: ગુજરાતમાં મોદીના અધુરા પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવા કેન્દ્રનું સૂચન

ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ બનાવેલી યોજનાઓ આગળ ધપાવવા માટે રાજ્યના વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને ગિફ્ટ સિટી, ધોલેરા, મહાત્મા મંદિર, ગાંધીનગર રેલ્વેસ્ટેશન, અમદાવાદ, સુરત અને રાજકોટમાં મેટ્રોરેલ, કલ્પસર, દરિયાકાંઠાના શહેરોનું નિર્માણ અને મુખ્યત્વે નર્મદા સાથે સંકળાયેલી સૌરાષ્ટ્રની સૌની યોજનાનો સમાવેશ થાય છે. ૨૦૧૭માં ગુજરાત સરકારનું આ લક્ષ્ય છે. આ તમામ પ્રોજેક્ટમાં ઝડપ લાવવા માટે હાઈકમાન્ડે સૂચના આપી છે. ગુજરાતને વાઈ-ફાઈ સ્ટેટ બનાવવા માટે કેન્દ્ર સરકારે ફરીવાર ગુજરાત સરકારને ઝડપ લાવવા કહ્યું હોવાનું પણ સચિવાલયના સૂત્રો કહી રહ્યાં છે. જો ડિસેમ્બરમાં નિર્ધારિત સમયે વિધાનસભાની ચૂંટણી થાય તો સરકાર પાસે ૧૦ મહિનાનો સમય છે. ચૂંટણી વહેલી આવે તેવી શંકાને હાલ તો ગુજરાત સરકારના ૨૦૧૭-૧૮ના સામાન્ય અંદાજપત્રની તૈયારીએ દૂર કરી છે, કારણ કે જો વહેલી ચૂંટણી હોય તો સરકાર બજેટ રજૂ કરી શકે નહીં. ગુજરાત સરકાર પાસે હજી ઘણો સમય છે જેમાં મોદીના સપનાને સાકાર બનાવી શકે છે પરંતુ તેના માટે રાજકીય ઈચ્છાશક્તિ હોવી જરૂરી છે.

## ઉત્તરપ્રદેશના રાજકારણે શિખવાડ્યું કે હવે યુવાનોને તક મળવી જોઈએ

**કોંગ્રેસ પરિવર્તન કરે તો સત્તા દૂર નથી...**

ગુજરાત કોંગ્રેસમાં બદલાવ કરવો હોય તો મૂળમાંથી વિચારધારા બદલવી પડશે, નહીં તો પરંપરાગત ૧૯૯૫ પછી સત્તામાં જે થયું તે સતત રિપીટ કરતા રહેવું પડશે. કોંગ્રેસ માટે પ્લસ પોઈન્ટ નરેન્દ્ર મોદી છે. તેઓ ગુજરાતના ચીફ મિનિસ્ટરની રેસમાં હવે નથી. જો તેમની હાજરીમાં કોંગ્રેસ ૫૫ થી ૬૦ બેઠકો લાવી શકતી હોય તો તેમના નેતૃત્વ વિના કેટલી બેઠકો લાવી શકે છે તેનો હિસાબ કરી જૂઓ.. કોંગ્રેસના એક યુવા નેતાએ કહ્યું હતું કે ''ગુજરાતમાં છેલ્લા ૨૬ વર્ષથી બિન કોંગ્રેસની સરકાર છે. જો હવે આટલા વર્ષના રાજકીય વનવાસ પછી સત્તામાં આવવું હોય તો અમારા નેતાઓએ ચીફ મિનિસ્ટરના ઉમેદવાર તરીકે યુવા મહિલાને તક આપી ચૂંટણીમાં યુવાનો અને મહિલાઓને વિશેષ તક આપવાની આવશ્યકતા છે. ભાજપ સાથે ચૂંટણી સમજૂતી કરનારા ઉમેદવારો રણમેદાનમાં હોવા ન જોઈએ. બાકી તો સિનિયર થઈ ગયેલા નેતાઓ ટીકીટ માટે લાઈન લગાવે છે અને ચૂંટણી હારે છે તેની પરંપરા જળવાઈ રહેશે.''

**અખિલેશ બીજા રાજ્યોને દિશા આપશે...**

પિતા સામે શક્તિ પ્રદર્શનમાં વિજયી બનેલા ઉત્તરપ્રદેશના યુવા મુખ્યપ્રધાન અખિલેશ યાદવ બીજા રાજ્યો માટે પ્રેરણા બન્યા છે, કારણ કે તેઓ આજે પણ તેમના રાજ્યમાં લોકપ્રિયતાની ટોચ પર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાસનમાં યુવા અને મહિલાઓને મહત્વ આપ્યા પછી તેના ઉત્તમ પરિણામ મળ્યા છે. કોરી અને પ્રામાણિક સ્લેટ ધરાવતા ઉમેદવારોને લોકો પસંદ કરે છે. ગુજરાતમાં છેલ્લી બે ચૂંટણીમાં મોદીએ જૂના જોગીઓને બદલીને નવો ફાલ મેદાનમાં ઉતાર્યો હતો અને તેના પરિણામ પણ ચમત્કારિક મળ્યા છે. દિલ્હીમાં કેજરીવાલ હોય કે ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ- લોકો યુવા અને શિક્ષિત નેતાઓ પસંદ કરે છે. ખાસ કરીને જ્યાં એન્ટી ઈન્કમબન્સીનો ડર હોય ત્યાં પાર્ટીએ ઉમેદવારોને જ બદલી નાંખવા જોઈએ કે જેથી મતદારોને જૂના અનુભવો નડે નહીં. આ તરકીબ કોંગ્રેસના નેતાઓએ સમજવી પડશે અન્યથા કોંગ્રેસનું નામું નંખાઈ જતા વાર નહીં લાગે...!

**વિજય અને જીતુ બન્નેમાં જીત છે...**

ભાજપના હાલના રાજકારણમાં બીજી હરોળના નેતાઓ આજે ટોચક્રમે છે. વિજય રૂપાણી મુખ્યપ્રધાન છે. લોકોને સરળતાથી મળે છે. વહીવટનો ઓછો અનુભવ છતાં તેઓની વહીવટ પર પક્કડ આવતી જાય છે. બીજી તરફ પાર્ટીની કમાન જીતુ વાઘાણી પાસે છે. સ્થાનિક ચૂંટણીમાં બન્ને નેતાઓએ પાર્ટીને જીવતદાન આપ્યું છે તેનો સ્વિકાર ભાજપના હાઈકમાન્ડે કર્યો છે પરંતુ વિધાનસભાની ચૂંટણીમાં કાચું કપાય નહીં તેનું ધ્યાન ખુદ પીએમઓ અને અમિત શાહની ઓફિસ રાખી રહી છે. આ બન્ને નેતાઓના નામમાં જીત શબ્દ છૂપાયેલો છે. ભાજપમાં ટીકીટ વિતરણમાં મોટા ફેરફારો તોળાઈ રહ્યાં છે. આશ્ચર્યજનક ઉમેદવારો આવી શકે છે, કારણ કે એન્ટી ઈન્કમબન્સીનો ભય છે તેથી નવા ઉમેદવારોને વિજયી બનાવવા માટે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટી અધ્યક્ષ અમિત શાહ ગુજરાતની ચૂંટણીની કમાન સંભાળવાના છે. મોદી માટે તો ગુજરાતની ચૂંટણી જીતવી એટલા માટે મહત્વની છે કે તેમની નજરમાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી છે. ભાજપ ભલે ઉત્તરપ્રદેશ ગુમાવે, ગુજરાત ગુમાવે તે પોસાય તેમ નથી.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**કરપ્શનના કેસમાં નિર્દોષ- ગુજરાત પ્રથમ...**

ભ્રષ્ટાચારના કેસોમાં આરોપીઓને છોડી મૂકવામાં ૭૧ ટકા સાથે ગુજરાત સમગ્ર ભારતમાં ટોચક્રમે રહ્યું છે, જ્યારે દેશમાં બીજાક્રમે ૬૯.૧ ટકા સાથે પંજાબ અને ત્રીજાક્રમે ૬૫.૮૫ ટકા સાથે તામિલનાડુ આવે છે. છેલ્લા ૧૫ વર્ષના આંકડા સ્વયંસ્પષ્ટ છે કે કરપ્શનના કેસોમાં નિર્દોષ છૂટવાના કેસ ગુજરાતમાં સૌથી વધુ બન્યા છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા છેલ્લા ૧૫ વર્ષની આંકડાકીય માહિતીના કરાયેલા વિશ્લેષણના આધારે માહિતી અધિકાર ક્ષેત્રે પ્રખ્યાત બનેલા કાર્યકર વેંકટેશ નાયક દ્વારા ફેક્ટ એન્ડ ફિક્શન: ગવર્મેન્ટ્સ એફર્ટ ટુ કોમ્બેટ કરપ્શન- શીર્ષક ધરાવતા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતમાં નોંધાયેલા ૪૯,૨૮,૧૫૩ ક્રિમિનલ કેસો પૈકી ફક્ત ૩૧૪૮ કેસ જ (૦.૦૬ ટકા) ભ્રષ્ટાચારને લગતા કેસ હતા. ભ્રષ્ટાચારના કેસોમાં ઓછી સંખ્યામાં છૂટી જનારા અન્ય રાજ્યોમાં આંધ્ર પ્રદેશ( ૪૮.૧૩ ટકા), આસામ (૩૦ ટકા), બિહાર (૫૪.૧૫ ટકા), છત્તીસગઢ (૫૭.૪૭ ટકા), હિમાચલ પ્રદેશ (૨૭.૭૭ ટકા) કેરળ ( ૪૭.૯૭ ટકા), મધ્ય પ્રદેશ ( ૪૭.૦૮ ટકા), ઓરિસ્સા (૬૩.૮૮ ટકા), તેલંગાણા ( ૫૨.૬૮ ટકા) અને ઉત્તરાખંડ (૫૧.૦૬ ટકા) નો સમાવેશ થાય છે.

## વહેલી ચૂંટણી થવાની હવા ફરી ગઈ, સરકાર બજેટની તૈયારીમાં વ્યસ્ત

**નવા વર્ષે મોદી ગુજરાત માટે ગિફ્ટ લાવશે...**

ગુજરાત હાલ વાયબ્રન્સીના મોડમાં છે. ગુજરાત માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવા વર્ષની કેટલીક ગિફ્ટ લાવવાના છે. આ ગિફ્ટનો વિજય રૂપાણીને ઈન્તજાર છે, કારણ કે તેમના નેતૃત્વમાં જ વિધાનસભાની ચૂંટણી લડવાની છે. ગુજરાતનું ચૂંટણી પહેલાનું છેલ્લું બજેટ કેવું હશે તેનું માર્ગદર્શન મોદી આપશે. પ્રજાને ક્યા નિર્ણયોથી પોતાની કરી શકાય તેનો રાઝ મોદી બતાવશે. વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ મિટ એ મોદીની માનિતી સમિટ છે. મોદીએ ૨૦૦૩ થી શરૂ કરેલી આ સમિટ ૨૦૧૭માં વિજય રૂપાણીના યજમાનપદે યોજાઈ રહી છે. આઠમી સમિટમાં મોદી ગુજરાતના ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ માટે કેટલીક જાહેરાતો કરે તે સંભવ છે. જો કે ગુજરાત સરકારે પણ ઉદ્યોગોને આકર્ષવા માટે અનેક પોલિસી ચેઈન્જ કરવાનું નક્કી કર્યું છે. ઉદ્યોગોને વધારે માં વધારે ઈન્સેન્ટીવ સરકાર આપે તેવું લાગે છે.

## આઠમી વાયબ્રન્ટમાં ઈન્વેસ્ટમેન્ટનો આંકડો ૨૫ લાખને ક્રોસ કરી શકે છે

**બ્યુરોક્રેસી એમઓયુના લિસ્ટમાં મગ્ન...**

ગુજરાત સરકારની બ્યુરોક્રેસી હાલ એમઓયુના લિસ્ટમાં મગ્ન બની ચૂકી છે, કારણ કે વાયબ્રન્ટ સમિટમાં વિજય રૂપાણીને ઉત્તમ દેખાવ કરવાનો છે. ૨૦૧૫ની વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટનું યજનામપદ આનંદીબહેન પટેલ પાસે હતું અને તેમણે સૌથી વધુ ૨૨ લાખ કરોડ રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટ કમિટમેન્ટ મેળવ્યા હતા. ઉદ્યોગ વિભાગ કહે છે કે આ વખતે ઈન્વેસ્ટમેન્ટ કમિટમેન્ટનો આંકડો ૨૫ લાખને ક્રોસ કરી શકે તેમ છે. સરકારના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘે તો કહ્યું છે કે વાયબ્રન્ટ સમિટમાં ઉદ્યોગોનો ઉત્સાહ જોતાં નોટબંધી નડવાની નથી. સરકારના વિભાગોને એમઓયુના ટારગેટ આપી દેવામાં આવ્યા છે. રાજ્યના ૨૫ જેટલા વિવિધ ક્ષેત્રોમાં મૂડીરોકાણ માટેના પ્લાન બનાવવામાં આવ્યા છે. ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો તેમજ સ્ટાર્ટઅપ માટે ઉદ્યોગ વિભાગને સૌથી વધુ એમઓયુ સાઈન કરવાના ટારગેટ આપી દેવામાં આવ્યા છે. આ વખતે પણ ભાજપના ઉદ્યોગો સાથે સંકળાયેલા આગેવાનો એમઓયુ સાઈન કરવાના છે.

**ગાંધીનગરને વાયબ્રન્ટ લૂક અપાયો છે...**

વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટને ધ્યાને લઈને ગાંધીનગરને મોર્ડન લૂક આપવામાં આવી રહ્યો છે. કર્મચારીનગરની છાપ મિટાવવાના પ્રયાસો ચાલી રહ્યાં છે. મોદીની સૂચનાથી ચીફ મિનિસ્ટરે અડધા ગાંધીનગરને કોર્પોરેટ બનાવી દીધું છે. સચિવાલયમાં કેબિનેટના પ્રધાનોને ડિઝાઈનર વસ્ત્રોથી સજ્જ કરવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. સરકારના ક્લાસવન ઓફિસરો સહિત સરકારી બાબુઓને શૂટબૂટમાં સજ્જ થવા કહી દેવામાં આવ્યું છે. ૯ થી ૧૪ જાન્યુઆરી દરમ્યાન મહેમાનોને સત્કારવા માટે ફુલોના ઓર્ડર પણ આપી દેવામાં આવ્યા છે. સચિવાલય કોર્પોરેટ લૂક ધરાવતું બની રહ્યું છે. સાદગીમાં માનતા ગાંધીજીની યાદમાં બનાવવામાં આવેલા મહાત્મા મંદિરમાં કોર્પોરેટની જાકમજોળ દેખાઈ રહી છે. વિદેશથી આવનારા ડિપ્લોમેટ્સ, વિદેશી કંપનીઓના સીઈઓ, ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટ જગતની હસ્તીઓની લૂક સાથે તાલ મિલાવી શકે તેવા રાજનેતાઓ અને ઓફિસરોને શિડ્યુઅલ સાથે પીઆરની ટીપ્સ આપી દેવામાં આવી છે.

**નવી નોટો આવી, નોકરી પાછી ક્યારે?!...**

નોટબંધીના ૫૦ દિવસ પછી ભારતની બેન્કો અને એટીએમ સેન્ટરોમાં નવી નોટો આવી ચૂકી છે પરંતુ નોટબંધીના કારણે ગૂમાવેલી નોકરીઓ ક્યારે પાછી મળશે તેનો ઉત્તર કોઈ આપી શકતું નથી. લાઈનમાં ઉભા રહેલા ૮૮ લોકોના મોત માટે કોણ જવાબદાર છે? તેમના પરિવારોને સરકારી સહાય કેમ ન કરી? એ પ્રશ્નનો ઉત્તર મળતો નથી. વિપક્ષોની બૂમરાણ વચ્ચે ''જેની લાઠી ઉસકી ભેંસ'' ની જેમ સરકાર તેના પાવરનો ઉપયોગ કરીને ધાર્યું કરાવે છે. ગુજરાતમાં બે મહિનામાં પાંચ લાખ લોકો બેરોજગાર બન્યા છે. સચિવાલયનો શ્રમ વિભાગ કહે છે કે જે લોકો બેકાર બન્યા છે તે હંગામી બેકારી છે, કારણ કે નોટબંધી પછીની થાળે પડતી પરિસ્થિતિ જોતાં બે મહિનામાં પાછા ઉદ્યોગ-ધંધામાં ધમધમાટ આવી શકે છે. જો કે રિયલ એસ્ટેટ ઉદ્યોગના મતે માર્ચ પછીનો સમય સુધરી શકે છે. અમારા રિયલ્ટી સેક્ટરમાં તો આ ત્રણ મહિના ખૂબ કપરાં સાબિત થવાના છે.

**વાયબ્રન્ટ-બજેટ પછી ચૂંટણી તૈયારી...**

વાયબ્રન્ટ સમિટ પછી ફેબ્રુઆરી મહિનામાં બજેટની રજૂઆત હોવાથી સરકાર પાસે એપ્રિલ પહેલાં બીજું કોઈ કામ નથી. બજેટ પૂર્ણ થયા પછી આખી સરકાર ચૂંટણીની તૈયારીમાં લાગી જશે. માનિતાને નવા પોસ્ટીંગ અને અણમાનિતાને સાઈડ ટ્રેક કરી મોટાપાયે બદલીઓની મોસમ પણ એપ્રિલ મહિનામાં ખુલશે તેવું લાગે છે. ચૂંટણીની તારીખો જાહેર થાય તે પૂર્વે ભાજપ સરકાર પાસે ડેવલપમેન્ટનો રિયલ સમય છ મહિનાનો છે. આ સમયમાં જેટલા પ્રજાલક્ષી કામો કરવા હોય તે કરી લેવા તેવું હાઈકમાન્ડનું ફરમાન છે. અલબત્ત, બજેટમાં લોભામણાં વચનો અને કેટલીક પ્રજાલક્ષી રાહતો આવી શકે છે. ગુજરાતની જનતા ઈચ્છે છે કે પેટ્રોલ અને ડિઝલ પરના વેટમાં ઘટાડો થાય તો મોંઘવારી ઓછી થઈ શકે છે. સામાન્ય સંજોગોમાં ચૂંટણી હોય ત્યારે સરકાર પેટ્રોલ અને ડિઝલના ભાવવધારાથી અળગી રહી છે પરંતુ વૈશ્વિક ક્રુડ ઓઈલના ભાવવધતાં કેન્દ્ર સરકારને ભાવ વધારવાની ફરજ પડે છે. ગોવા સરકારની જેમ ગુજરાત સરકાર પણ ૬૦ રૂપિયે પેટ્રોલ આપી શકે છે...!!